**1. નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?**

(A) સાબુમાં કેટલાક જીવાણુનાશી ઔષધો ઉમેરવામાં આવે છે. (B) સંક્રમણહારકો ઓછી સાંદ્રતાએ જીવાણુનાશી તરીકે વર્તે છે.
(C) સંક્રમણહારકો એ પ્રતિસૂક્ષ્મજીવી ઔષધો છે. (D) જીવાણુનાશક દવાઓ ગળી શકાય છે.

**જવાબ (D)** જીવાણુનાશક દવાઓ ગળી શકાય છે.

➠ જીવાણુનાશી દવાઓને પ્રતિજીવીઓની જેમ ગળી શકાતી નથી. જીવાણુનાશી ઔષધોને જીવંત પેશીઓ જેવી કે ઘા, કપાયેલા ભાગ, ચાંદા અને રોગગ્રસ્ત ત્વચા પર લગાવવામાં આવે છે.

**2. ગર્ભનિરોધક ઔષધો માટે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?**

(A) તેમાં માત્ર એસ્ટ્રોજન હાજર હોય છે. (B) તેમાં માત્ર પ્રોજેસ્ટેરોન હાજર હોય છે.
(C) તેમાં એસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન વ્યુત્પન્નોનું મિશ્રણ હોય છે. (D) પ્રોજેસ્ટેરોન અંડોત્સર્ગને વધારે છે.

**જવાબ (C)** તેમાં એસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન વ્યુત્પન્નોનું મિશ્રણ હોય છે.

**3. ઍસ્પિરિન માટે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?**

(A) ઍસ્પિરિન એ માદક વેદનાહર પ્રકારનું ઔષધ છે. (B) ઍસ્પિરિન શરીરના દુખાવાથી રાહત આપે છે.
(C) તે રુધિરને જામવા દેતું નથી. (D) તે ચેતાતંત્રને સક્રિય કરતા ઔષધો છે.

**જવાબ (A)** ઍસ્પિરિન એ માદક વેદનાહર પ્રકારનું ઔષધ છે.

➠ ઍસ્પિરિન એ બિનમાદક વેદનાહર ઔષધ છે.

**4. ઔષધોના વર્ગીકરણમાં કઇ પદ્ધતિ ઔષધીય રસાયણ માટે અત્યંત ઉપયોગી વર્ગીકરણ છે ?**

(A) રસાયણિક બંધારણના આધારે (B) ઔષધની ક્રિયાના આધારે
(C) આણ્વીય લક્ષ્યના આધારે (D) ઔષધીય અસરના આધારે

**જવાબ (C)** આણ્વીય લક્ષ્યના આધારે

**5. નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?**

(A) પ્રશાંતકો નોરાડ્રેનાલિનની વિઘટન પ્રક્રિયાના ઉત્સેચકની ઉદ્દીપકીય ક્રિયાને નિરોધિત કરે છે.

(B) પ્રશાંતકો માદક વેદનાહર ઔષધો છે.

(C) પ્રશાંતકો મુખ્ય ચેતા અને ગ્રાહી પદાર્થ વચ્ચેની સંદેશા આપ-લે ક્રિયાવિધિને અસરકર્તા નથી.

(D) પ્રશાંતકો એવા ઔષધો છે કે જે દુખાવા તથા તાવમાંથી રાહત આપે છે.

**જવાબ (A)** પ્રશાંતકો નોરાડ્રેનાલિનની વિઘટન પ્રક્રિયાના ઉત્સેચકની ઉદ્દીપકીય ક્રિયાને નિરોધિત કરે છે.

**6. સાલ્વરસેન કે જે આર્સેનિક આધારિત બંધારણ ધરાવે છે તેનો સૌપ્રથમ ઉપયોગ .......... રોગના નિદાન માટે કરવામાં આવ્યો.**

(A) સિફિલિસ (B) ટાઇફોઇડ (C) મેન્જિાઇટીસ (D) મરડો

**જવાબ (A)** સિફિલિસ

**7. સાંકડા સ્પેક્ટ્રમ પ્રતિજીવીઓ .......... પ્રત્યે સક્રિય હોય છે.**

(A) ગ્રામ-પોઝિટિવ અથવા ગ્રામ નેગેટિવ બૅક્ટેરિયા (B) માત્ર ગ્રામ-નેગેટિવ બૅક્ટેરિયા
(C) એક જ સૂક્ષ્મજીવ કે એક જ રોગ (D) ગ્રામ-પોઝિટિવ અને ગ્રામ નેગેટિવ બંને

**જવાબ (A)** ગ્રામ-પોઝિટિવ અથવા ગ્રામ-નેગેટિવ બૅક્ટેરિયા

➠ જે પ્રતિજીવીઓ મુખ્યત્વે ગ્રામ-પોઝિટિવ અથવા ગ્રામ નેગેટિવ બૅક્ટેરિયાની વિરુદ્ધ અસરકારક હોય છે તેઓ સાંકડા સ્પેક્ટ્રમ પ્રતિજીવીઓ છે.

**8. મુખ્યચેતા અને ગ્રાહી પદાર્થ વચ્ચેની સંદેશા આપ-લે ક્રિયાવિધિને અસરકર્તા પદાર્થોને .......... કહે છે.**

(A) વેદનાહારક ઔષધો (B) પ્રશાંતકો (C) માદક વેદનાહર ઔષધો (D) પ્રતિહિસ્ટેમાઇન ઔષધો

**જવાબ (B)** પ્રશાંતકો

**9. સાબુમાં જીવાણુનાશી ગુણધર્મ દાખલ કરવા કયો પદાર્થ ઉમેરવામાં આવે છે ?**

(A) સોડિયમ લોરાઈલસલ્ફેટ (B) સોડિયમ ડોડેસીલબેન્ઝિનસલ્ફોનેટ

(C) રોઝીન (D) બાયથાયોનાલ

**જવાબ (D)** બાયથાયોનાલ

**10. ઇક્વાનીલ એ .......... છે.**

(A) કૃત્રિમ ગળ્યો પદાર્થ (B) પ્રશાંતક (C) પ્રતિહિસ્ટેમાઈન (D) ગર્ભનિરોધક ઔષધ

**જવાબ (B)** પ્રશાંતક

**11. નીચેના પૈકી કયો પદાર્થ સાબુના વધુ ફીણ ઉત્પન્ન કરવાના ગુણધર્મ માટે ઉપયોગી છે ?**

(A) સોડિયમ કાર્બોનેટ (B) સોડિયમ રોઝીનેટ (C) સોડિયમ સ્ટીઅરેટ (D) ટ્રાયસોડિયમ ફૉસ્ફેટ

**જવાબ (B)** સોડિયમ રોઝીનેટ

➠ દાઢી કરવાના સાબુમાં ગ્લિસરોલ હોય છે, જે સાબુ સુકાઈ જતો અટકાવે છે. આવા સાબુ બનાવતી વખતી તેમાં રોઝીન નામનો ગુંદર ઉમેરવામાં આવે છે, જેથી સોડિયમ રોઝીનેટ બને છે જે વધુ ફીણ ઉત્પન્ન કરે છે.


**12. સાબુમાં ગ્લિસરોલ ઉમેરવામાં આવે છે. તેનો ઉપયોગ .......... છે.**


(A) પૂરક પદાર્થ તરીકે (B) વધુ ફીણ ઉત્પન્ન કરવા (C) સુકાઈ જતો અટકાવવા (D) દાણાદાર સાબુ બનાવવા

**જવાબ (C)** સુકાઈ જતો અટકાવવા

**13. નીચેના પૈકી કયો વાસણ ધોવા માટે વપરાતો પ્રવાહી પ્રક્ષાલક છે ?**

(A) $CH_3\ (CH_2)_{10} - CH_2OSO_3^-Na^+$

(B) 

(C) 

(D) $\left[ CH_3(CH_2)_{15} - \overset{\overset{CH_3}{|}}{\underset{\underset{CH_3}{|}}{N}} - CH_3 \right]^+ Br^-$

**જવાબ (B)**

**14. પોલિઇથીલીન ગ્લાયકોલનો ઉપયોગ કયા પ્રકારના પ્રક્ષાલકો બનાવવા માટે થાય છે ?**

(A) ધનાયનીય પ્રક્ષાલકો (B) ઋણઆયનીય પ્રક્ષાલકો (C) બિનઆયનીય પ્રક્ષાલકો (D) સાબુઓ

**જવાબ (C)** બિનઆયનીય પ્રક્ષાલકો

**15. નીચેના પૈકી કયા જૈવિક અણુઓ લક્ષ્ય અણુઓ અથવા ઔષધ લક્ષ્યો નથી ?**

(A) કાર્બોહાઈડ્રેટ (B) લિપિડ (C) વિટામિન (D) પ્રોટીન

**જવાબ (C)** વિટામિન

**16. ઉત્સેચક નિરોધકો માટે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?**

(A) તે ઉદ્દીપકની સક્રિયતાને નિરોધે છે.

(B) પ્રક્રિયાર્થીને જોડાતા અટકાવે છે.

(C) સામાન્ય રીતે નિરોધકો અને ઉદ્દીપક વચ્ચે પ્રબળ સહસંયોજક બંધ બને છે.

(D) નિરોધકો સ્પર્ધાત્મક અથવા બિનસ્પર્ધાત્મક હોય છે.

**જવાબ (C)** સામાન્ય રીતે નિરોધકો અને ઉદ્દીપક વચ્ચે પ્રબળ સહસંયોજક બંધ બને છે.

**17. નીચેના પૈકી કયા કૃત્રિમ ગળ્યા પદાર્થ રસોઇ બનાવવાના તાપમાને પણ સ્થાયી હોય છે અને કેલરી આપતા નથી ?**

(A) સુક્રોઝ (B) ગ્લુકોઝ (C) એસ્પાર્ટેમ (D) સુક્રાલોઝ

**જવાબ (D)** સુક્રાલોઝ

➠ સુક્રાલોઝ, સુક્રોઝનું ટ્રાયક્લોરો વ્યુત્પન્ન છે. તેનો દેખાવ અને સ્વાદ શર્કરા જેવો હોય છે. તે રસોઇ બનાવવાના તાપમાને સ્થાયી હોય છે. તે કેલેરી આપતું નથી.

**18. નીચેના પૈકી કયા પદાર્થ પોષણ મૂલ્ય ધરાવતા નથી.**

(A) ક્ષારો (ખનિજ તત્ત્વો) (B) કૃત્રિમ ગળ્યા પદાર્થો (C) વિટામિન્સ (D) એમિનો ઍસિડ

**જવાબ (B)** કૃત્રિમ ગળ્યા પદાર્થો